સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સંપત્તિ અને સત્તા પાછળ જ સદા દોડે છે!
'મૂલ્યો' વિનાના સભ્યો પ્રજાનો વિશ્વાસ તોડે છે
ઉછેરે છે ઇંડા કાગડા, કોયલના માળામાં -
ચૂંટાયા વિના સદા પારકા સભ્યોને ફોડે છે!
(ભાજપ-કૉંપીની માનસિકતા)

વાળે નખ્ખોદ!
મોં-માથાં-વગરનાં -
ટ્વીટ-કરીને..
(નવરા-હોરર-રામગોપાલ)

ચાંપે છે રોજ
'હિંદુત્વ' ચિનગારી
કટ્ટરવાર..
(યોગી નું નિવેદન)

ચિંતન

અતિ તૃષ્ણા ન કર્તવ્યા તૃષ્ણાં નૈવ પરિ ત્યજેત । શનૈઃ શનૈશ્ચ ભોક્તવ્યં સ્વયં વિત્ત મુપાર્જિત મ ॥

'અતિશય તૃષ્ણા ન રાખવી, તેમજ તૃષ્ણાનો તદ્દન ત્યાગ પણ ન કરવો, આપણી પોતાની કમાયેલી સંપત્તિ તો સમજીને-વિવેકપૂર્વક વિચારીને (યોગ્ય જગ્યાએ-યોગ્ય સમયે) ઉપયોગ કરવો.'

આજે વ્યવહારમાં લોકો લગભગ અંતિમ છેડા પર જ જોવા મળતા હોય છે ખૂબ ધનિક હોય એ લગભગ કંજૂસ અને કોઇને પણ મદદ નહીં કરનારા હોય છે એથી વિશેષ ગમે તેવા ખોટા માર્ગે પણ વધારે ધન પ્રાપ્ત કરવાના પ્રયાસમાં રહે છે. જયારે કોઇને ધન-સંપત્તિ પ્રત્યે એવો વિરાગ આવી જાય છે કે સંસાર છોડી 'દિક્ષા નો અંગીકાર કરી લે છે; અને તપ-આરાધનાનો માર્ગ મધ્યમ માર્ગ અપનાવે છે. આ શ્લોકમાં કવિ વ્યવહારુ માર્ગ મધ્યમ માર્ગ અપનાવવા કહે છે. અતિશય તૃષ્ણા પણ ન રાખવી અને અતિશય ત્યાગ-વૈરાગ્યની પણ જરૂર નથી. પરિશ્રમથી પ્રાપ્ત સુલક્ષ્મીનો સદુપયોગ અને ઉપયોગ-વિવેકપૂર્ણ રીતે યોગ્ય રીતે - યોગ્ય સમયે કરવામાં જ સાચું ડહાપણ સમાયું છે.

સુવિચાર

- આપણે આપણી જાતના સ્વામી એટલા માટે બનવું જોઇએ, જેથી આપણે બીજાના સેવક બની શકીએ **- જ્ઞાનસૂત્ર**
- દંભીઓ જગતમાં પૂજાતા હોય, તો વાંક તે દંભીઓનો નથી, સારાસારનો ભેદ ભૂલનાર લોકોની પરખશક્તિનો દોષ છે. સારાની ઉપેક્ષા કરવી એ જેટલું નીંદનીય છે, તેટલું જ નીંદનીય ખોટાને પૂજવાનું છે **- નવનીત**
- જેઓ 'ધર્મ'ને કશુંક સાધન બનાવી ઐહિક સુખોની પ્રાપ્તિ અને મરણોત્તર જીવનને પણ આનંદસભર રાખવાના પ્રલોભનમાં ગળાડૂબ રહે છે, તેમને મન સાદગી નહીં, પણ બાહ્યપ્રદર્શન એ જ ધર્મ હોય છે **- ઓશો**
- જેણે ગાવું છે એને હંમેશા ગીત મળી જ રહે છે **- સ્વીડીશ કહેવત**
- ઉતાવળે જીંદગી ના ઘસડવી, શાંત અને ધીરા થવું... રાધા ન થવાય તો કંઇ નહીં કૃષ્ણઘેલી મીરાં થવું, તબલા ઢોલક સૌ થાય, નરસિંહ મહેતાના મંજીરા થવું, ના હિંન્દુ થવું, ના મુસલમાન થવું, જો કંઇ થવું જ હોય તો કબીરા થવું **- મૃંગાગ શાહ**
- ઇશ્વરને કાગળ લખવાનું સરનામું.. પ્રતિ.. ઇશ્વર - વાયા મનુષ્ય, મુકામ-પોસ્ટ-માનવતા, જિલ્લો-સમદૃષ્ટિ, રાજય-બંધુત્વ, દેશ-પ્રેમ, ખંડ-વિશ્વકલ્યાણ **- અનામી**
- છળની છારી વળેલી આંખો જોઇ શકતી નથી, અને સ્વાર્થી જણના કાનોના પડદા વીંધવાની વ્યવસ્થા આપણી પાસે નથી, આંધળાને દેખતો કરી શકાય.. પણ દેખતાને સાચું દેખતો કરવાનું કામ કપરૂં છે **- સોક્રેટીસ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજે દાણચોરી-કરચોરી-કાયદાનો ભંગ કે ગુન્હાઇત કાર્યો-જેટલા અભણ અને અશિક્ષિત લોકો નથી કરતાં એટલા ભણેલાં-સમજુ લોકો આચરે છે એટલે અભણ ગુન્હેગાર કરતાં પણ શિક્ષિત-ધનિક ગુન્હેગારોને વિશેષ સજા થવી જોઇએ. (જેમ કે વિસ્મય, યુનિવર્સીટીના પ્રોફેસર).

રાજાના દરબારમાં એક કઠિયારાને રજૂ કરવામાં આવ્યો. તેને રસ્તામાંથી વીંટી મળી હતી જે તેણે દૂકાનદારને વેંચી - વીંટી પર રાજમુદ્રા હતી. ખરીદતાં તો ખરીદી લીધી પણ પછી ગભરાયો. ત્યાં પોલીસ આવી અને પકડી ગઇ. એણે કઠિયારા પાસેથી ખરીદી એવા બચાવ કર્યો. પણ રાજમુદ્રાનો મુદ્રાલેખ વાંચી સમજી ગયો કે વીંટી રાજાની જ છે. પણ હવે પાછી કેમ આપું એની વિસામણમાં જ હતો.

કઠિયારાએ સ્વીકાર્યું કે મને જંગલમાંથી મળી હતી પણ રાજાની એ ખબર નહીં. હું અભણ છું મેં મુદ્રાલેખ વાંચ્યો નો'તો. રાજાએ કઠિયારાને નિર્દોષ છોડ્યો. વેપારીને સજા કરી.

Email - sureshchandrabhatt18@gmail.com

મન જ આપણને તારે છે અને ડુબાડે છે, આપણે ખરેખર શક્તિશાળી થવું હશે તો મનને નાથ્યા વગર નહીં ચાલે

મન એક નદી જેવું છે
વિચારયાત્રા

- ડૉ. જય ઓઝા

આપણામાંથી ઘણાં લોકો એવા છે જે એમ કહે છે, 'મારાથી આમ ના થાય અને તેમ ના થાય' - આ આમ ના થાય એમને કોણ કહે છે? અને ખરેખર એ લોકો એમ નથી કરતા. એમનું મન એમને નથી વર્તવા દેતું. આ મનમાં ગજબની શક્તિ છે. એનો જો તમે સદઉપયોગ કરો તો તમે શક્તિશાળી બની જાઓ. આ મન કેવી રીતે વર્તે ઓછે એનો દાખલો હમણાં જમ મારા દિકરા ચિ. સંસ્કારે કહ્યો. એ એક બાળનાટકનું દિગ્દર્શન કરી રહ્યો હતો. અગાસીમાં બધા બાળગો ભેગાં થયા હતા.

સંસ્કારે જે બાળકો નાટકમાં ભાગ લઇ રહ્યાં હતા એમને અગાશીના એક ભાગને આંગળી કરીને બતાવતાં કહ્યું, 'આ આટલું આપણું સ્ટેજ છે. આપણે આ હદની બહાર નથી જવાનું. આ બાજુએથી સ્ટેજ ઉપર આવવાનું.' નાટકનું રિહર્સલ ચાલુ થઇ ગયું. થોડીવાર થઇ હશે અને એક છોકરો જે નાટકમાં ભાગ લેતો ન હતો એ પેલી કાલ્પનિક રેખાની અંદર આવીને ઊભો રહ્યો. જેવો એ છોકરા એ સ્ટેજની કાલ્પનિક રેખાની અંદર આવ્યો કે નાટકમાં કામ કરતાં બાળકોને એને સ્ટેજની બહાર જવા કહ્યું. પેલા છોકરાને કંઇ સમજ પડે નહીં. એને થાય કે અહીં સ્ટેજ તો છે નહીં એન આ લોકો મને શેની બહાર જવા કહે છે?

કેટલાક બાળકો એને સ્ટેજની કાલ્પનિક રેખા સમજાવવા લાગ્યા અને આમ એ બાળકને સ્ટેજની કાલ્પનિક રેખાની બહાર રાખ્યો. સ્ટેજ ઉપર કામ કરતી વખતે જો કોઇ ભૂલથી એ રેખા પાર કરી જાય તો પણ બધા બાળકો બૂમો પાડી ઊઠતા. એ લોકોના મને એ વાતને પકડી લીધી હતી કે અગાશીનો ઓટલો ભાગ એ સ્ટેજ છે. હવે જો નાટકમાં કામ કરતો છોકરો એ કાલ્પનિક રેખાને માન્ય ન રાખે અને અગાશીને બીજે ખૂણે જઇને પોતાના સંવાદ જો બોલવા લાગે તો? તો નાટક ન થાય. નાટકની શક્તિ વેડફાઇ જાય, અને જે અસર ઉપજાવવી છે એ અસર ઉપજી ન શકે.

આ બંધનો જરૂરી છે. એ જ પ્રમાણે નાટકનો જે સંવાદ બોલવાનો છે એ સંવાદ સિવાયના બીજા શબ્દો કે વાક્યો જો કોઇ નટ બોલવા માંડે તો? તો નાટક ન થાય. નાટક દ્વારા એક શક્તિ નિર્માણ થાય છે. એ શક્તિના પ્રભાવથી પ્રેક્ષકો રસ પામે છે, બોધ પામે છે. જે વ્યક્તિ નાટકનું બંધન ન સ્વીકારે એ નાટક કરી પણ ન શકે અને જોઇ પણ ન શકે. પ્રેક્ષકો પણ જો સ્ટેજ ઉપર ફરવા માંડે તો? તો એ પ્રેક્ષકો પણ કંઇ ન પામી શકે. એક જગ્યાએ બેસીને શાંતિથી નાટક જો પ્રેક્ષક જુએ તો જ એ પ્રેક્ષક નાટકને પામી શકે. આમ પ્રેક્ષકો પણ નાટકનું બંધન સ્વીકારવું જરૂરી છે. એનાથી જે શક્તિ ઉત્પન્ન થાય એ શક્તિ જ આનંદ આપે છે, બોધ આપે છે.

આચાર્ય રજનીશ વારંવાર એમનાં પુસ્તકોમાં કહે છે કે તમારામાંથી સતત ર્ગ બહાર જતી રહે છે, એને રોકો. જો તમ એક સ્થળે બેસી રહેશો તો તમારામાં શક્તિ વધી જશે. આંખો બંધ કરશો તો આંખ દ્વારા બહાર ચાલી જતી ઊર્જાને તમે તમારામાં વધારી શકશો અને પરિણામે તમે તમારી આગળ ચાલતા માનવીની બોચી ઉપર દૃષ્ટિ કેન્દ્રિત કરીને મનમાં જ કહેશો કે પાછળ ફરીને મારી સામે જો તે તે તરત તમારી સામે પાછળ ફરીને જોશે. ભલે તમે મોં ખોલીને એક શબ્દ પણ ન બોલ્યા હો. તમે જે લાંબો સમય આંખો બંધ રાખવાની ટેવ પાડી એને પરિણામે આ શક્તિ ઉત્પન્ન થઇ. આમ અનેક માર્ગો દ્વારા વહી જતી શક્તિને આપણે રોકવાની છે. એ રોકવા માટે આપણા મન ઉપર કાબુ મેળવવાનો છે.

આ મન માંકડા જેવું છે. એ સતત કંઇ કર્યા કરતું હોય છે પણ એ કંઇ ને કંઇ કરે એને માટે જેટલો વાંધો છે એના કરતાં એ આપણને ઊંધે રસ્તે લઇ જાય છે અને માટે આપણને વધારે વાંધો હોય છે. આપણે જો નક્કી કરીએ કે આજે સાંજે અરધો કલાક ચાલવું છે, તો મન નહીં ચાલવા માટેનાં બહાના શોધવા પાછળ તરત પડી જાય છે અને આપણે એ અરધો કલાક ન ચાલીએ એને માટે સતત આપણું મન પ્રયત્ન કરતું હોય છે. આપણે જ લીધેલાં નિર્ણયને તોડીને આપણે એક આસુરી આનંદ માણીએ છીએ. થોડા સમય પછી આપણને દુઃખ થાય છે કે આપણે શા માટે બહાનું કાઢીને અરધો કલાક ચાલવાનું ટાળ્યું? આમ આપણે આપણી જાતને જ શક્તિહીન બનાવીએ છીએ. કોઇ આપણને બનાવે શક્તિહીન એ બીજી વાત છે પણ આપણે જ આપણાં દુશ્મન બનીએ છીએ. એ એક બહુ મોટી વાત છે, અને એટલે જ સામાન્ય માનવી અસામાન્ય માનવી મહામાનવ નથી બનતો. નાની નાની બાબતમાં આપણે નિર્ણયો ફેરવ્યા કરીએ છીએ, એટલું જો આપણે સંભાળી લઇએ અને એકવાર નક્કી કર્યા પછી વારે ઘડીએ નિર્ણય, કોઇ અતિશય મહત્ત્વના કારણ વગર ન બદલીએ તો કુદરતી રીતે આપણામાં એક શક્તિનું નિર્માણ થશે. આપણી આજુબાજુના લોકોને આપણા બોલવામાં આપણા વર્તનમાં એક વિશ્વાસ ઉત્પન્ન થશે અને એમ આપણી બહાર પણ એક શક્તિનું નિર્માણ થશે. આમ એક વર્ગ એવો ઊભો થશે જેના ઉપર બીજા લોકો વિશ્વાસ મૂકતા થઇ જશે. આમ જ એક વિશાળ અને શક્તિશાળી રાષ્ટ્રનો જન્મ થાય છે.

અંગ્રેજીમાં એક વાક્યપ્રયોગ છે "This is simply could not be done" - આમ કદી થઇ શકે જ નહીં. એવી શાપ આપણે જો ઊભી કરી શકીએ તો? છાપ બે જાતની હોય છે, એકમાં લોકો કહે છે એના ઉપર વિશ્વાસ મુકાય જ નહીં. અને બીજી છાપ એવી હોય છે, 'આને તમે કંઇ પણ સોંપો, કોઇ પણ ચિંતા પછી આપણે કરવાની નહીં.' આપણી બાજુબાજુ શોધશો તો એવા કેટલાક મનુષ્યો મળશે જેને તમે કોઇ પણ કામ સોંપો તો એ કામ થાય જ. શું એ લોકોને મન નહીં થયું હોય એ કામ નહીં કરવાનું કે અધવચ્ચે છોડી દેવાનું? પણ એ લોકોએ એમના મનને કહ્યું છે, 'એકવાર નક્કી કર્યા પછી એ કામ ન કરીએ એવું કદી થાય જ નહીં, એ પ્રમાણે વર્તવું એ અસંસ્કારી વૃત્તિ છે.' અને બસ એમનું મન એ સ્વીકારી લે છે. પછી એ નિયમ મન ક્યારેક તોડતું નથી. આપણે જો આપણા મનને કહીએ કે જો બનશે તો કરીશું તો પછી મન પણ ઢીલો દોર છોડી દેશે. અને પરવા નહીં કરે. અને એક બે વખત તમે ખોટા પડ્યા પછી તમારા મનને જુઠા પડવા માટે શોખ નહીં થાય. વસવસો નહીં થાય.

'આપણે સરસ ધોળઆ ઉજળા કપડાં પહેરીને ફરતાં હોઇએ ત્યારે આપણા કપડાંની ઘણી કાળજી લેતા હોઇએ છીએ કે એના ઉપર કોઇ ડાઘ ન પડે. એકવાર જયારે પહેલો ડાઘ પડે છે ત્યારે આપણું મન બહુ વ્યવસ્થિ થઇ જાય છે. બીજીવાર કાળજી રાખવાનું આપણે નક્કી કરીએ છીએ. પણ અંદરથી આપણું જ મન આપણને કહે છે એક ડાઘ તો પડી ગયો. બીજો પડે તો ય શું? અને એમ મન નબળું પડતું જાય છે. અને એમ એક દિવસ બધાં કપડાં ગંદા થઇ જાય છે. પછી ગમે તેટલો ક્યરો આપણાં કપડાં ઉપર પડે આપણને એકવાર કપડાં ગંદા થયા પછી સહેજે અરેરાટી થતી નથી.' આજ વાત છે મન માટેની. ધીમે ધીમે મનને સારી બાજુ વાળવા જવાનું છે. અનેક નિયમો એવા છે જે કદી તોડાય જ નહીં. એવું કહે છે કે પરદેશમાં પેપરવાળાના સ્ટોલ ઉપર કોઇ બેઠું હોતું નથી. તમારે જો કોઇ પેપર જોઇતું હોય તો એની કિંમતના પૈસા ત્યાં મૂકેલા વાસણમાં મૂકી પેપર લઇ લેવાનું. સાંજે જયારે પેપર વાળો આવે ત્યારે પૈસા અને પેપર હિસાબ પ્રમાણે જ હોય. એક પણ પૈસો ઓછો ન હોય.

એ જ પ્રમાણે ત્યાં જો કોઇ પેપરવાળો બે કલાક એનો સ્ટોલ છોડી જમવા જાય તો પાછો આવે ત્યાંથી બધું ઉપડી ગયું હોય. શક્ય છે આપણે ત્યાં એવા ઘણા માણસો છે જેમની પાસે એક ટંક ખાવાના પૈસા નથી. આપણે એમની વાત છોડી દઇએ આપણે આપણી જ વાત કરીએ. ટિકીટ વગર બસમાં મુસાફરી ન કરાય. પણ જે દિવસે કંડકટર તમારી પાસેથી ટિકીટના પૈસા લેવાનું ભૂલી જાય છે ત્યારે તમને આનંદ થતો નથી? શું તમારી પાસે એક બે રૂપિયા જેટલા પૈસા નથી? એક બે રૂપિયા બચાવવાથી તમારી મિલ્કતમાં બહુ મોટો તફાવત પડી જવાનો છે? એવું નથી. આપણી પાસે એટલા પૈસા છે જ અને આપવાની દાનત પણ છે. પણ જો એ બસની ટિકીટના પૈસા બચી જાય છે તો આનંદ પણ થાય છે. પણ આપણે તે વખતે એ ભૂલી જઇએ છીએ કે એ આસુરી આનંદ છે. આજે નાનકડો નિયમ તોડવાથી આનંદ આવે છે. કાલે આપણું મન આપણને મોટો નિયમ તોડવા ખેંચી જશે. આપણે ભલે આપણી જાતને સમજાવીએ કે એવા મોટા નિયમો તોડનાર હું નથી પણ એ સાચા અર્થમાં બનાવટ છે.

એક ડાઘો કપડા ઉપર પડે છે પછી એ ડાઘાઓ વધતા જ જાય છે. આપણે કાળજી નથી જ રાખતા પણ જો ખરેખર આપણે સજાગ થઇ જઇએ તો? તો આપણે અસુર બનતા અટકી જઇએ અને સુર બની જઇએ. દેવ જ નિયમ પાળે દાનવો નિયમ નથી પાળતા. નિયમ પાળીએ તો જ આપણે ઉત્તમ નાટક રજુ કરી શકીએ કે જોઇ શકીએ. ઘોંઘાટ કરવાથી કે ગમે ત્યાં ગમે ત્યારે ચાલવાથી નાટકની શિસ્ત તૂટી જાય છે. આ આપમો સમાજ પણ નાટક જેવો જ છે. નિયમમાં રહીશું તો આપણી આજુબાજુ નંદનવન સર્જી શકીશું નહીં તો અરાજકતા અને આપણા બાળકો સતત આપણને જોતા હોય છે. આપણામાં રહેલો નાનકડો દોષ એમનામાં ફૂલીફાલીને મોટા વૃક્ષરૂપે પણ જોવાનો ભવિષ્યમાં વખત આવે ત્યારે બાળકોને દોષ દેવાની કંઇ ફાયદો નથી. મન એક નદી છે. એના ઉપર બંધ બાંધીશું તો ફાયદો જ ફાયદો છે. નહીં તો એનું પૂર સત્યનાશ ચોક્કસ નોંતરી શકે એમ હોય છે. મન જ આપણને તારે છે અને ડુબાડે છે. આપણે ખરેખર શક્તિશાળી થવું હશે તો મનને નાથ્યા વગર નહીં ચાલે. નક્કી આપણે જ કરવાનું છે અને પછી એને વળગી રહેવાનું છે.

'અલ્યા ભેંસ ભાગોળેને છાસ છાગોળે જેવી વાતો કરો છો, પાંજરા બનવા દો... હરણને આવવા દો, પછી જેની જેવી આવડત હશે એવું કામ મળી રહેશે

મગર આવ્યો... મગર આવ્યો...

એ વાત આખા ઇન્દ્રોડા ગામમાં વાયુવેગે ફેલાઇ ગઇ હતી. બે કાંઠે વહેતી સાબરમતીને બંને કિનારે લોકોનાં ટોળાં એકત્ર થઇ ગયાં હતા. બધાં દૂર દૂર સુધી નજર નાંખી મગર કયાં છે? એવી પ્રશ્નાર્થ નજરે જોતાં હતા.

'ગાભા... ગાભા.... દોડ જલ્દી'

'કયાં?'

'નદીનો મગર ગામમાં આવ્યો છે. તમારા વાસ બાજુ જતો દેખાતો હતો.' કાળાજીએ કહ્યું.

'ના હોય... મગર મારા છાપરા તરફ... હશે શું થશે? મારો પવો...' એવો વિચાર કરતાં કરતાં ગાભાજી નર્સરીનું કામ પડતું મુકી ગામમાં ભાગેલા ત્યારે કેટલા ગભરાઇ ગયેલા પણ છાપરાંની બહાર પવાની માં અને નાના પવાને જોઇ ધરપત થયેલી. અને એ પાછા વળ્યા ત્યાં રસ્તામાં જ આત્મારામે બુમ પાડી.

'ગાભા જલ્દી નર્સરીએ ચાલ... મોટા સાહેબની ગાડી એ તરફ ગઇ.'

'પણ અત્યારે?'

'હાં, મગર આવ્યાની વાત ખબર પડતાં જંગલખાતાના મોટા અધિકારીની જીપ આવી છે. બધા નદી કિનારે ગયા છે.'

'પણ મગર જોવા મળ્યો?'

'ના'

ગાભાજી દોડતા દોડતા નર્સરી પાસે પહોંચ્યા ત્યારે જોયું તો દૂર ધુણી ઊડાડતી જીપ નર્સરીની નજીક આવી ઊભી હતી. બે ખાખી લુઘડાં પહેરેલ બીટ ગાર્ડ દોડીને આવ્યા અને જોરથી પગ પછાડી સાહેબને સલામ ઝીંકી દીધી. સાહેબે પણ સામે હાથ ઊંછો કર સલામ સ્વીકારી.

ગાભાજી, કાળાજી અને આત્મારામ નર્સરીના કયારામાં રોપા ફેરવવાના કામે લાગી ગયેલા કામ કરતાં કરતાં ત્રાંસી નજરે પેલા મોટા સાહેબને જોઇ લેતાં હતા. માથે કાળા રંગની હેટ, ખાખી પેન્ટ ને સફેટ શર્ટ પહેરેલ સાહેબની મોટી મોટી મુછો બિહામણી લાગતી હતી. એ હવે પેલા બીટ ગાર્ડ અને ત્યાં આવીને ઊભા રહી ગયેલા ગામ લોકો સાથે કંઇક વાતો કરતા હતા. ગાભાજી તેમનાથી નજીક હતા તેથી કાનમાં શું વાત થઇ રહી છે. તે જાણવાની કોશિશ કરતા હતા. ઝાડીઝાંખરા સાફસફાઇની અને કાંટાળા તારની વાડ કરવાની વાત ચાલતી હતી. કોની કોની જમીનો સરકારમાં ગઇ છે અને કોને કેટલું વળતર મળ્યું છે તેની રજૂઆત થઇ હતી. આંબાવાડીયા વાળા ખેતરમાં ચુંથાજી એ જુવાર વાવેલી હતી. તો ધોળાકુવા બાજુના ખેતરમાં ઉનાળું બાજરી તૈયાર થઇ જવા આવી હતી. આ પાક લીધા પછી જમીન સરકાર હસ્તક થઇ જશે. એ વાત ચાલતી હતી. કોતરો અને ઝારીઝાંખરાની કટાઇ કરી બગીચા ને પાંજરા બનાવવાની વાતો ગાભાજીએ સાંભળી. તેણે ઊભા થઇને આતાજી પાસે જઇ કહ્યું.

'આતાજી તમારું ખેતર તો જતું રેવાનું ભઇ',

'કોણે કીધું'

'પેણે વાત થાય છે.'

'વાત તો મૈય સાંભળી છે. સરકાર અહિંયા હરણ લાવવાની છે. તેના માટે પાંજરા બનાવવાની વાત પેલા સોલંકી બીટ ગાર્ડે કાલે જ મને બીડી પીતાં પીતાં કરી હતી.'

'એ તો પીયક્કડ છે. પી જાય ત્યારે ગમે તે બોલે.'

'ના ગાભા. એવું નથી. પીવાવાળો માણસ હંમેશા સાચું જ બોલે.'

'અત્યારે તો આ મોટા સાહેબ પાસે થતી વાત ઉપરથી મને પણ લાગે છે કે સોલંકી ખોટું નહોતો બોલતો. એણે તો એમ પણ કહેલું કે પાજરાં ને બગીચા થાશે તો ગામ લોકને મજુરી મળશે.' આત્મારામે કહ્યું.

'તે આતાજી સરકાર અહીં પાંજરા બનાવીને હરણ પાળશે તેને સાચવશે કુંણ.'

'આપણે જ સ્તો...'

'તે હરણને બકરાંની જેમ પાળી શકાય. પેલાં રોઝ આપણે ત્યાં ઝાડીમાં કયારેક જોવા મળે છે પણ ઇ તો આપણને જોઇને કેવા ભાગે છે.' ગાભાએ કહ્યું.

'તારી વાત સાચી છે. પણ જંગલખાતાના આ માણસો ઇ બધું જાણે. આપણને એમાં ઝાઝી હમજ પડે નંઇ.'

'પણ હરણ ને પાળીને શું મળે?'

'ઇ તો મને ખબર નથી. પણ હાં હું એકવાર કાંકરીયે ગયેલો ત્યાં હરણનાં પાંજરાં જોયેલાં. તેમાં ટપકાવાળાં, અડધાં કાળાં ને અડધાં ધોળાં, બદામીને કોઇ તો વળી ઝાડની ડાળીઓ ફૂટી હોય એવાં મોટાં મોટાં શિંગડાવાળાં હરણ જોયેલાં. બહુ મજા પડેલી.'

'તો તો આપણે ત્યાં પાંજરાં બનશે અને એમાં હરણ મુકશે એટલે લોક જોવા આવશે ખરૂં ને?'

'અલ્યા, ગાભા, આતાજી સાહેબ આવેલા ને હું જરાક આઘો ગયો એટલે તમે કામ મેલીને વાતે વળગી ગયા. કામ કરો કામ.' સોલંકી બીટગાર્ડે નર્સરીમાં પ્રવેશતાં કહ્યું.

'સાહેબ કામ જ કરીએ છીએ. પણ કામ કરતાં કરતાં સાંભળવા મળ્યું કે અહીં, અહીં હરણનાં પાંજરા બનશે.'

'હાં, તમે હાંભળ્યું તે હાંસુ છે. મોટા સાહેબે એજ વાત કરતાં હતા. એક બે દિવસમાં સર્વેની કામગીરી ચાલુ થશે. મોટા મોટા બગીચા અને પ્રાણીઓનાં પાંજરાં બનાવવાની યોજના છે.'

'તો શું આપણે ત્યાં પણ કાંકરીયા જેવું થશે?'

'ના એવું તો નહીં પણ કંઇક જુદી જાતનું બનાવવાની વાત ચાલે છે. આપણે ત્યાં હરણોદ્યાન બનવાનું છે. એ માટે ધોળાકુવાથી લઇને ઇન્દ્રોડાના કિલ્લા સુધીની જમીન લેવાનું નક્કી થયું છે.'

'તો પછી ગામ કયાં જશે' કાળાજીએ પ્રશ્ન કર્યો.

'ગામ તો એની જગ્યાએ જ રહેશે. નદી કિનારે કોતરો નવસાધ્ય કરવામાં આવશે. જાત જાતનાં ઝાડ વાવીને લીલોતરી વધારાશે.'

'હાં ભઇ હાં... હરણને ખાવા તો જોવે ને?' કાળાજીએ કહ્યું.

'ના, એવું નથી. હરણ માટે તો ઘાસ બહારથી લાવવામાં આવશે. પછી કદાચ ઉગાડવાની વ્યવસ્થા પણ થાય.' સોલંકીએ સમજાવ્યું.

'સાહેબ હરણ લાવો ને તો એને હાચવવાની જવાબદારી મારી હોં... હું એને હાચવીસ.' ગાભાજીએ કહ્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આપમેળે સંઘર્ષ કરીને આગળ વધેલા કાવ્યસર્જનને વરેલા હર્ષાબેન ધનજીભાઇ ચૌહાણ

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

ભાવનગરના વતની હર્ષાબહેન એક સામાન્ય પરિવારના દીકરી કહેવાય પરંતુ સંઘર્ષ વેઠીને આપબળે આજે તેઓ સમાજમાં મોભાનું સ્થાન ઊભું કરી શક્યા છે તે તેમના વ્યક્તિત્વની આગવી ઓળખ છે. સંઘર્ષ માણસનું ઘડતર કરે છે. અંગ્રેજીમાં કહેવત છે કે - જરૂરિયાત એ શોધખોળની માતા છે. જીવનમાં જેઓ સંઘર્ષ કરે છે. તેઓ આગળ વધે છે અને સંઘર્ષ તેમણે જોયો હોવાથી બીજાના દુઃખને અવશ્ય સમજી શકે છે.

હર્ષાબહેનનો વિગતે પરિચય જોઇએ તો તેમનો જન્મ ૨૮/૦૩/૧૯૬૯ ના રોજ ભાવનગર મુકામે થયો છે. હાલમાં તેઓ મામાકોઠા રોજ, મસ્જીદવાળા ખાંચો, ભરવાડ વાડી, ભાવનગર મુકામે રહે છે. તેમણે એસ.અસ.સી., પ્રિ.પી.ટી.સી. સુધીનો અભ્યાસ કર્યો છે.

તેમના પિતા ધનજીભાઇ સરકારી રેશનની દુકાન ચલાવે. પરિવારમાં ચાર પુત્રો અને બે પુત્રીઓ. તેમાં હર્ષાબહેન નાના દીકરી. બહોળો પરિવાર હોવાથી ઘરની આર્થિક સ્થિતિ બહુ સારી ન કહેવાય. પરંતુ હર્ષાબહેન ભણતરમાં આગળ વધ્યા. ભણતરનો અભાવ આ પરિવારમાં વર્તાય. તેમની જ્ઞાતિ પણ ખાસ ભણતર પર ભાર મૂકે તેવી નહીં. એ દરમિયાનમાં જ બે ભાઇઓ તથા પિતાજીનાં મૃત્યુ થયા. પ્રિ.પી.ટી.સી. સુધીનું ભણતર માંડ માંડ પૂર્ણ થયું. નજીકમાં આવેલી એક ટ્રસ્ટની ખાનગી શાળામાં હર્ષાબહેને ટૂંકા પગારની શિક્ષિકા તરીકેની નોકરી સ્વીકારી. બંને ભાઇઓ તો લગ્ન થયાં ત્યારથી જ જુદા રહેવા લાગ્યા અને ઘરની જવાબદારી હર્ષાબહેન ઉપર આવી પડી. પરંતુ પિતા વેપારી હતા તેથી હર્ષાબહેનમાં વેપારની આવડત ખરી.

માતાનું ધ્યાન રાખવું અને નોકરી પણ કરવાની. તેમણએ હિંમત હાર્યા વગર સમય અને સંજોગો સાથે બાથ ભીડી. ઘર પાસે જ નાના પાયે દુકાન શરૂ કરી. શરૂઆતમાં નાનાં બાળકો-માટેની ચીજવસ્તુઓ દુકાનમાં રાખતા. ચોકલેટ, પીપરમેન્ટ, બિસ્કીટ, વેફર વગેરે બાળકોની વસ્તુઓ તેમની દુકાનેથી મળે. ધીમે ધીમે વેપારને આગળ વધાર્યો. ઠંડા પીણાં, સ્ટેશનરી વગેરેનો પણ વેપાર શરૂ કર્યો. કરિયાણું, દૂધ, દૂધની બનાવટો વગેરે પણ દુકાનમાંથી મળે એટલે સામાન્ય લોકોના વિસ્તારમાં છૂટક ઘરાકી વધી. વેપારમાં નફો થવા લાગ્યો અને આ સાથે હર્ષાબહેને શિક્ષિકા તરીકેની નોકરી તો ચાલુ જ રાખી.

તેમનો વિસ્તાર સાવ પછાત અને માથાભારે. એકલે પંડે દુકાનનો માલ લાવે, હિસાબ રાખે અને સાથે સાથે હર્ષાબહેન નોકરી પણ કરે. માતાની તબિયત પણ સારી ન રહે. ડોકટર પાસે લઇ જવા પડે, લેબોરેટરી ટેસ્ટ કરાવવો પડે અને દવાનો ખર્ચ પણ ખરો. આવી વિષમ સ્થિતિમાં પણ હર્ષાબહેન હિંમત રાખીને જીવનનું ભૌતિક કર્મ તો કરતાં રહ્યાં પરંતુ આ સંઘર્ષમય જીવનમાં તેમની સંવેદનાને શબ્દનો સઘિયારો મળ્યો અને પરિણામે સુંદર કાવ્યસર્જનની પ્રવૃત્તિનો તેમનાં જીવનમાં ઉમેરો થયો. કહેવાય છે કે કલા અને સાહિત્ય માણસના ભૌતિક જીવનના સંઘર્ષને ભુલાવી દે છે.

સુરેન્દ્ર કડિયાની ગજબનો એક શેર છે.

"નવો ઢાળ ઢાળ્યો ને ઢાળી બતાવ્યો
અમે શબ્દ પાળ્યો ને પાળી બતાવ્યો."

જીવનને નવો ઢાળ આપવો એ જીવનની ખરી સફળતા છે. ગઝલકારો ક્યારેક જીવનની આંટીઘૂંટીમાં પણ નવો રસ્તો મળતો હોય છે. એ મતલબના શેર રચતા હોય છે. કવિ તો શબ્દના બંદા છે. શબ્દને પણ પાળી બતાવાનો એક માર્ગ તેઓ જાણતા હોય છે. હર્ષાબહેન પણ શબ્દના યાત્રી છે. તેમની શબ્દયાત્રાનો નાતો પણ જીવનનાં સંઘર્ષમાંથી ઉદ્‌ભવ્યો છે. જીવનલીલાને તેઓ સંવેદનથી જાણે છે. નારી હૃદયની વેદનાને વાચા મળે ત્યારે સુંદર ગઝલોનું સર્જન પણ નારી ચેતના દ્વારા શક્ય બને છે. હર્ષાબહેનનાં જીવનમાં પણ કંઇક એવું જ બન્યું.

સાથોસાથ મનમાં પીડા તો હતી જ. ઘાવ હજુ રૂઝાયાં ન હતા. ગીત-સંગીત સાંભળે ત્યારે મનને કંઇક રાહત થતી. વીસેક વર્ષ પહેલાં અંદરની વેદનાને કાગળ ઉપર ઉતારવાનું મન થયું. ભાગ્યુંતૂટ્યું કશુંક લખાતું રહ્યું. નોકરી દરમિયાન સહ કર્મચારી યાસ્મિન બહેનનો પરિચય થયો. અંગત સુખદુઃખની આપ-લે થતી ગઇ. શબ્દયાત્રા ચાલુ જ હતી. અંદર ખુબ વેદના પડી હતી. બુધ-સભા જે ભાવનગરનાં સાહિત્યકારો, કવિઓની સભા ભરાય છે તેમાં જવાનું બન્યું. શબ્દને પણ સહારો, માર્ગદર્શન હૂંફ મળ્યાં. નવી નવી ગઝલો રચાતી રહી અને 'ત્યારે ગઝલ લખુ છું.' નામનો ગઝલસંગ